Divyabhaskar (Citybhaskar)

EDI

July 10, 2016
Page No. 1

# ગરીબ વિદ્યાર્થીઓને અપાઈ આંત્રપ્રિન્યોરશીપની તાલીમ

**આ**ઈઆઈટી ગાંધીનગર ખાતે ભારતની ટોચની એન્જિ. ઈન્સ્ટિટ્યુટ અને કોલેજના સ્ટુડન્ટસે આઈઆઈટી ખાતે આંત્રપ્રિન્યોરશીપની તાલીમ મેળવી.

સિટી રિપોર્ટર @ahm_cb

ફાઉન્ડેશન ફોર એક્સેલેન્સ (એફએફઈ) સ્કોલરશીપ પ્રોગ્રામ હેઠળ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી ખાતે પ્લેસમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ અને આંત્રપ્રિન્યોરશીપ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ભારતભરમાંથી આવેલા 450 એન્જિનિયરિંગ અને મેડિકલના સ્ટુડન્ટસે તાલીમ મેળવી હતી.

એફએફઈ ભારતની વિવિધ એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા ગરીબ પરિવારના બાળકોને સ્કોલરશીપ અને પ્રોફેશનલ ટ્રેનિંગ આપે છે. આ ટ્રેનિંગમાં 450 ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને તાલિમ આપવામા આવી હતી.

આ અંગે એફએફઈના નિતારામનાથે કહ્યું કે, 'ગરીબ પરિવારોમાંથી આવતા તેજસ્વી વિદ્યાર્થીઓને અમે સ્કોલરશીપ આપીએ છીએ. ભારતની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં અપાતું શિક્ષણ વિદ્યાર્થીઓને જોબ અપાવવા માટે સક્ષમ નથી. આથી અમે એન્જિનિયરિંગ અને મેડિકલના સ્ટુડન્ટ્સને પ્લેસમેન્ટ અને આંત્રપ્રિન્યોરશીપની તાલિમ આપીને તેમને ફ્યુચર માટે તૈયાર કર્યા હતા. જેમાં ભારતભરમાંથી સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો.

આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં આઈઆઈટીની સાથે ઈડીઆઈઆઈ અને અન્ય પ્રોફેશનલ એક્સપર્ટસે વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપી હતી.

RG